# આધ્યાત્મિકતા જ આધારસ્થંભ

જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ

માનવ એ આ ઈશ્વરીય સૃષ્ટિનો શૃંગાર છે. વિદ્યા એ માનવ જીવનના શૃંગારરૂપ છે. આ માટે વિદ્યાર્થી જીવનને કહેવામાં આવે છે. 'જીવનનો સોનેરી સમય.' શિક્ષણ જ એક એવું માધ્યમ છે, કે જેના દ્વારા મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે, પરંતુ વાસ્તવમાં આજે આપણે કાંઈ જુદું જ જોઈએ છે. આજનો વિદ્યાર્થી આપણા માટે પણ સમસ્યારૂપ બની રહ્યો છે. જિંદગીની ભીડમાં આજ પ્રત્યેક માનવી દોડી રહ્યો છે, કિંતુ જીવનના અંતિમ લક્ષનું વાસ્તવિક જ્ઞાન શું છે? તેનાંથી અપરિચિત રહ્યા છે. અગર કોઈ વિદ્યાર્થીને પૂછવામાં આવે કે 'તમે શા માટે અભ્યાસ કરી રહ્યા છો?' તો ઘણા વિદ્યાર્થીઓ પાસે ઉત્તર મળશે. 'મા-બાપની ઈચ્છા છે અમારી કોઈ ઈચ્છા નથી. અભ્યાસ કરીને શું કરવાનું? નોકરી તો મળવાની નથી, બસ સમય પસાર કરી રહ્યા છીએ.'



હવે,આ વાત પર વિચાર કરીએ. વિદ્યાર્થીઓનું આટલું નૈતિક પતન કઈ રીતે થયું? પહેલાંનો વિદ્યાર્થી નૈતિક બંધનોમાં બંધાયેલો હતો. પહેલાંના સમયમાં જ્ઞાન અંજન માટે જંગલોમાં ગુરુઓ પાસે જતાં અને ઉદ્દેશ રહેતો,'સાદું જીવન, ઉચ્ચ વિચાર એ છે, વિદ્યાર્થીનો શ્રૃંગાર.'

વર્તમાનમાં વિદ્યાર્થી પાસે નૈતિકતા નામની કોઈ વસ્તુ જ રહી નથી. એમના જીવનસારને જોતાં કહેવાય છે ફેશનેબલ જીવન, વ્યર્થ વિચાર, આધુનિક વિદ્યાર્થીનો છે આ શ્રૃંગાર.

આજનો વિદ્યાર્થી સમસ્યાઓમાં ઘેરાયેલો છે. મૃગ-તૃષ્ણાની માફક ભટકી રહ્યો છે. આજ કારણે 'વિદ્યાર્થી સમસ્યા'એ ઉગ્રરૂપ ધારણ કરી લીધું છે. માનવીનો (વિશેષ વિદ્યાર્થી વર્ગનો) આ માનસિક અસંતોષ સમય અનુસાર અનેક પ્રકારે આપણી સમક્ષ આવે છે. ભૂખ હડતાલ, આંદોલન, તોડ-ફોડ, આપઘાત અને હવે તો ત્યાં સુધી કે શિક્ષકો-વડીલોની હત્યા કરતાં પણ તેને સંકોચ થતો નથી. જો કે શિક્ષાનું લક્ષ છે માનસિક અંધકારને સમાપ્ત કરવો તથા કર્મોનો વ્યવહારિક જીવનની સાથે શ્રેષ્ઠ સંબંધ બાંધવો.

આજના અભ્યાસથી માનવનું જીવન જીવવાનું સ્તર ઊંચું જઈ રહ્યું છે. પરંતુ ચારિત્યનું સ્તર નીચે જઈ રહ્યું છે. એશ-આરામ જીવનનું મુખ્ય લક્ષ બની ચૂક્યું છે. જો કે સાદું જીવન, ઉચ્ચ વિચાર લક્ષણને ભૂલી ગયાં છે. અનૈતિકતા એ વિદ્યાર્થી જીવનનું મુખ્ય અંગ બની ગયું છે. સદા હડતાલ અને તોડફોડમાં જ વિદ્યાર્થી સમાજ પોતાની શાન સમજે છે. આ સર્વ વાતોનું મુખ્ય કારણ વિકારોની પ્રબળતા છે. ગીતાના ભગવાનના જ મહાવાક્યો છે. બધીજ સારી અશાંતિનું મૂળ રૂપ છે. કામ વિકાર અને એનો ઉદ્ભવ સિનેમા / ટી.વી. ને કારણે થાય છે. સિનેમામાં અશ્લીલ દશ્યો જોઈ વિકારોની ઉત્પત્તિ થાય છે. સિનેમા જોવા પાછળ નાયક-નાયિકાનો નશો રહે છે, તેનું જ આચરણ કરવાની કોશિશ કરે છે. આજના વિદ્યાર્થી વર્ગની આશાઓ પૂરી નથી થતી. એના ફળ સ્વરૂપ એનામાં ક્રોધ અથવા ક્રાંતિની ભાવના જાગૃત થાય છે. આને માટે સમાજ પણ જવાબદાર છે, આજનો અધ્યાપક એ ગઈકાલનો વિદ્યાર્થી હતો જ. એણે પણ આવા જ રંગઢંગ જોયાં હતાં. આજે નાના બાળકોથી માંડી વૃદ્ધ સુધીનું નૈતિક પતન થઈ ચૂક્યું છે. આ નૈતિક પતનને રોકવા માટે અનેક ઉપાય કરવામાં આવ્યા, પરંતુ પ્રત્યેક પ્રયત્ન નાકામિયાબ સાબિત થયા. આ મુશ્કેલી માટે સરકાર પણ ઓછી જવાબદાર નથી. અંગ્રેજોની શિક્ષણ પદ્ધતિએ ભારતમાંથી અધ્યાત્મ શિક્ષણને સમાપ્ત કરી દીધું, પરંતુ અફસોસ તો એ વાતનો છે કે ભારતમાંથી અંગ્રેજોનું શાસન દૂર થયા પછી આજે આધ્યાત્મિક શિક્ષણને અસ્પૃશ્ય સમજવાં લાગ્યાં એને સંકુચિત્ત દષ્ટિથી જોવા લાગ્યાં. ધર્મની ઉપેક્ષાના નામે આધ્યાત્મિક શિક્ષણને દૂર કરી દેવામાં આવ્યું. છતાં સાંપ્રદાયિકતા તથા આધ્યાત્મિકતા બંને અલગ અલગ છે. આધ્યાત્મિક શિક્ષણના અભાવે જે આજ તમે ભોગવી રહ્યાં છો, તે છે અનુશાસન હીનતા, આદરભાવ અથવા શુદ્ધ મન-વચન, કર્મનો અભાવ, આ કારણે મનવી નૈતિક દ્રષ્ટિથી દેવાળિયોઅને આધ્યાત્મિક દષ્ટિથી કંગાળ બની ગયો છે.

આ નૈતિક તથા આધ્યાત્મિક પતનથી દૂર થવાના ઉપાય શોધવામાં આજ દેશના સાઈકોલોજીસ્ટ, વિદ્વાન તથા દાર્શનિક વગેરે તત્પર છે. આ મુશ્કેલી કેવી રીતે દૂર થાય ? આપણે એ ન ભૂલીયે, કે આ એક સૌથી મોટી અને પ્રચંડ મુશ્કેલી છે. જેના ચારિત્ર ભ્રષ્ટ નાશ થઈ રહ્યાં છે, જેમકે કહેવાય છે કે,

'જો ધન ગયું તો કાંઈ જ નથી ગયું. જો સ્વાસ્થ્ય ગયું તો કાંઈક ગયું. પરંતુ જો ચરિત્ર ગયું તો બધું જ ગયું.' 'ચરિત્ર ગયું' એનો મતલબ દરેક બાજુનો ભ્રષ્ટાચાર છે. આનું મૂળ કારણ આપણી શિક્ષણ-પદ્ધતિ ઉલ્ટી છે. વિચાર કરો કે આધુનિક શિક્ષણની પદ્ધતિ વિદ્યાર્થીને મન, બુદ્ધિ, વચનથી શ્રેષ્ઠ યા ઉચ્ચ મર્યાદા યુક્ત બનાવી રહી છે ? નહીં તો આપણે એમના કારણોનું નિરાકરણ માનસશાસ્ત્ર અને વિજ્ઞાનના આધાર પર કરવું પડશે. આજનો વિદ્યાર્થી આવતીકાલે દેશનો કર્ણાધાર બનશે. એમની ધારણાઓને શ્રેષ્ઠ ઉચ્ચ બનાવવા માટે ફરીથી નવી ક્રાંતિ કે જાગૃતિની આવશ્યકતા છે.

**વિદ્યાર્થીઓનું આટલું નૈતિક પતન કઇ રીતે થયું? પહેલાંનો વિદ્યાર્થી નૈતિક બંધનોમાં બંધાયેલો હતો. પહેલાંના સમયમાં જ્ઞાન અંજન માટે જંગલોમાં ગુરુઓ પાસે જતાં અને ઉદ્દેશ રહેતો,'સાદું જીવન, ઉચ્ચ વિચાર એ છે, વિદ્યાર્થીનો શ્રૃંગાર'**

માનવીને મુશ્કેલીઓમાંથી બચાવવા પ્રથમ સૌથી અનિવાર્ય અને આવશ્યક ઉપાય 'આધુનિક શિક્ષણ-પદ્ધતિમાં, વર્તમાન શિક્ષા-દીક્ષામાં, પાઠ્ય પુસ્તકોમાં પરિવર્તન, વિદ્યાર્થીઓન સમજાવી દેવું જોઈએ કે માનવ જીવનનો ઉદ્દેશ માત્ર સ્થૂળ ઈન્દ્રિય સુખ નથી. આજે વિદ્યાર્થીને શિક્ષણ આપવામાં આવે છે, કે માનવદેહ એ ધર્મ, માંસ અને રક્તનું એક માત્ર પિંડ છે, આપણો અભ્યાસક્રમ આપણા સ્વતંત્ર સમયમાં પણ એવો રાખ્યો છે કે જેનાથી આપણને મહેસૂસ નથી થતું કે-અમારો વિદ્યાર્થી બુદ્ધિ-વિવેક સહિત દિવ્ય સંપન્ન આધ્યાત્મિકપ્રાણી છે. આપણું શિક્ષણ સંસારના ભૌતિક પદાર્થોને જ સર્વસ્વ માને છે. આપણે ભૂલી ગયાં કે આધ્યાત્મિકતા માનવતાના આધારરૂપ છે. આધ્યાત્મિકતાના અભાવથી માનવતા સંભવિત નથી. શિક્ષણ પદ્ધતિ એવી કરવી જોઈએ કે માનવી આપણા સાહિત્ય, સંસ્કૃતિ તેમજ દર્શનમાં મનુષ્યતાના અમૃત્ત્વને પ્રબળ કરી શકે. આપણા ઋષીમુનિઓએ શિક્ષણની જે પરિભાષા પ્રાચીનકાળમાં કરી હતી, એ આજે પણ એટલી જ સત્ય છે. આજની પરિસ્થિતિના સંદર્ભમાં તે આજે પણ એટલી જ પૂર્વવત અને કાર્યશીલ કરવી યોગ્ય છે, જે આ પ્રકારની છે- 'શિક્ષણ એ પદ્ધતિ છે, જે અમારી નૈસર્ગિક આંતરિક તથા અંતરમુખ શક્તિઓ તથા યોગ્યતાને પ્રગટ કરે છે. એમનો વધુમાં વધુ વિકાસ કરવામાં સહાયક નિવડે છે. શિક્ષણ કેવળ નૂતન જ્ઞાન આપનારું જ નહીં, પરંતુ અંતરાત્મામાં સૂતેલી જ્ઞાન ઊર્મિઓને જાગૃત કરે તેવી હોવી જોઈએ. આમ છતાંય આપણે જોઈએ છે કે આર્થિક જ્ઞાન માટે અર્થશાસ્ત્ર, રાજ્યને સારી રીતે ચલાવવા રાજનીતિશાસ્ત્ર, પ્રાચીન રાજ્યતા અને સંસ્કૃતિને જાણવા ઈતિહાસ, મનની સૂક્ષ્મ વાતોનું અધ્યયન કરવા માટે મનોવિજ્ઞાન ભણાવવામાં આવે છે. આજ રીતે જીવનમાં સ્થાયી સુખશાંતિ પ્રાપ્ત કરવા માટે તથા નૈતિક કે ચારિત્રનો વિકાસ કરવા માટે આધ્યાત્મિક જ્ઞાન આવશ્યક છે. અંત સિવાય પૂર્ણરૂપે, બૌદ્ધિક વિકાસ થઈ શકે નહીં. મેલા વાસણમાં નાંખેલું દૂધ કે પાણી ગંદુ થઈ જાય એવી જ રીતે અસ્વચ્છ વિચાર પણ મેલા થઈ જાય છે. આધ્યાત્મિક જ્ઞાન સિવાય બુદ્ધિ શુદ્ધ નથી થઈ શકતી. આથી જીવન પણ શ્રેષ્ઠ નથી બની શકતું, આધ્યાત્મિક જ્ઞાનથી જ વિચારોમાં આધ્યાત્મિક ક્રાંતિ આવી શકે છે. જેનાથી જીવન ઉચ્ચ બને છે.' મિત્રો ચાલો, ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસના અધ્યાત્મ જ્ઞાનને સમજી લઈએ અને વિદ્યાર્થી જીવન સર્વાંગી સ્વસ્થ બનાવીએ એજ શુભેચ્છા સાથે.

ઓમ શાંતિ...

# ફૂલથીયે નાજુક સંબંધો

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા

સાધુ જ્ઞાનાનંદદાસ

માનવીય સંબંધો ફૂલથીય વધારે નાજુક હોય છે. આપણાં સુખ અને દુ:ખનો આધાર બનતા આ સંબંધોને સાચવવાની કળા શીખવી અત્યંત જરૂરી છે. ઘણી વાર આ સંબંધો સાચવવા માટે કોઈ ભૌતિક વસ્તુઓની પણ આવશ્યકતા નથી હોતી. અરે, ક્યારેક તો શબ્દોની પણ જરૂર નથી હોતી. જરૂર હોય છે સાચા સ્નેહની! એકબીજાને સમજવાની ભાવનાની! લાગણીની ભીનાશની!



એક બાળકે એક વાર માતાને પત્ર લખ્યો. પત્રમાં પોતે કરેલી મદદનું વળતર માંગ્યું. તેણે એક બિલ બનાવ્યું. જેમાં લખ્યું, રૂમસફાઈના ૫ રૂ., કચરો નાખવા ગયો તેના ૫ રૂ., નાના ભાઈને સાચવ્યો તેના ૧૫ રૂ., બજારમાં શાકભાજી લેવા ગયો તેના ૧૦ રૂ., લાઈટ બિલ ભરવા ગયો ૨૦ રૂ., અન્ય ૧૫ રૂ. એમ ૭૦ રૂ.નું બિલ લખ્યું ને માતાના પાકીટમાં ધીમે રહીને મૂક્યું. માતાએ તે બિલ જોયું, થોડું સ્મિત વેર્યું અને તેની પાછળ લખ્યું, ૯ મહિના સુધી તારું ગર્ભમાં જતન કર્યું ૦ રૂ., તું માંદો હતો ત્યારે રાતોની રાત જાગી સેવા કરી તેના ૦ રૂ., કપરી મહેનત કરી તને ભણાવ્યો ૦ રૂ., રોજ તને જમાડ્યો ૦ રૂ., કપડાં ધોયાં ૦ રૂ. આવું તો હું ઘણું ઘણું ઉમેરી શકીશ પણ મારા આ પ્રેમનું મૂલ્ય નથી. માતાના નિ:સ્વાર્થ પ્રેમમાંથી સરી પડેલા શબ્દો વાંચી પુત્ર રડી પડ્યો અને માતાને જઈને ભેટી પડ્યો.

સંબંધો ગણિતની ગણતરી પર નહિ પરંતુ હૃદયની ભાષા પર અવલંબે છે. ગણતરી એ બુદ્ધિનો વિષય છે. જયારે સંબંધો હૃદયની ભાષા જ ગ્રહણ કરે છે.

એક યુગલને લગ્નમાં ગિફ્ટરૂપે બે ડાયરીઓ મળી. નવદંપતીએ નક્કી કર્યું કે તેમાં એકબીજાની ફરિયાદો લખવાની ને પછી દર મહિને હિસાબ ચૂકતે કરવાનો. ૧ મહિના પછી પત્નીએ તો હોંશે હોંશે ફરિયાદોથી ભરેલી અર્ધી ડાયરી પતિના હાથમાં થમાવી દીધી. મોડા આવ્યા, ગિફ્ટ ભૂલી ગયા, ફોન ન કર્યો, આ ભૂલી ગયા તે ભૂલી ગયા, સાથે ના આવ્યા વગેરે ઘણી નાનીમોટી ભૂલોથી સજ્જ ડાયરી પતિને બતાવી. પતિએ જોવી શરૂ કરી. પત્ની આતુર હતી કે મારા માટેની ડાયરી ક્યાં? પતિએ ડાયરી આપી પરંતુ તે તો ખાલીખમ હતી. તેથી પૂછ્યું કે ડાયરી બદલાઈ તો નથી ગઈ ને? પતિએ નકારતાં કહ્યું કે ડાયરી તો એ જ છે પરંતુ ખાલી કેમ છે તે અંગે મારે એક વાત કરવી છે. તમે બાળપણથી જે ઘરે ઊછર્યાં, જે માતા-પિતા સાથે રહ્યાં એ સંબંધો-સ્મૃતિઓને છોડી મારી સાથે પરણ્યાં. એમાંય મારા પરિવારની સેવા માટે તમે રાત- દિવસ ઘસાઓ છો. તમારા આ સમર્પણ સામે હું ભૂલ જોઉં તો કૃતઘ્ની કહેવાઉં. આ શબ્દોથી ભાવાદ્ર પત્નીએ ત્યાં જ પોતે લખેલી ડાયરી ફાડીને પસ્તી ભેગી કરી દીધી.

**સંબંધો ગણિતની ગણતરી પર નહિ પરંતુ હૃદયની ભાષા પર અવલંબે છે. ગણતરી એ બુદ્ધિનો વિષય છે. જયારે સંબંધો હૃદયની ભાષા જ ગ્રહણ કરે છે**

તમે કોઈના ઉપર કરેલા ઉપકારો અને સામેવાળાની ભૂલોનું સરવૈયું સાચવો છો એ જ બતાવે છે કે સંબંધોમાં તમે તમારો હાથ ઊંચો રાખવા મથો છો. જ્યાં ઊંચ-નીચની લસરપટ્ટી આવી ત્યાં સંબંધોને ગબડી પડતાં વાર નથી લાગતી. જો સંબંધો લાંબા સમય સુધી સાચવવા હોય તો પોતે કરેલા ઉપકારો અને સામેવાળાની ભૂલોને ભૂલી જવું પડે.

સ્ટાન્ડર્ડ ઓઈલ કંપનીમાં ઉપરી અધિકારીથી એક ભૂલ થઈ. જેના કારણે કંપનીને ૨૦ લાખ ડોલરથી વધુ રૂપિયાનું નુકસાન થયું. સાથેના કર્મચારી એડવર્ડને થયું કે આને વિદાય આપી દેવી જોઈએ. નિર્ણય કરતા પહેલાં કંપનીના માલિક રોક ફેલરનો આ બાબતે શું અભિપ્રાય છે તેને જાણવા એક મુલાકાત ગોઠવાઈ. તેમાં જે વાર્તાલાપ થયો તે માલિક-કર્મચારી વચ્ચેના સંબંધોને સમજવા કઈ ગહેરાઈએ જવું તેનો ચિતાર આપે છે. રોક ફેલર બોલ્યા, "આ વ્યક્તિએ કંપની માટે રાત-દિવસ જોયા વિના કાયા ઘસી નાખી છે. પૂર્વે પણ કટોકટીના સમયમાં તેણે સાચા નિર્ણય આપી કંપનીને ખૂબ ફાયદો પણ કરાવ્યો છે અને આ ભૂલ કોઈ હેતુપૂર્વક થઈ હોય તેવું પણ જોવા મળતું નથી. તેનું આ યોગદાન અને ગુણો જોતાં એવું લાગે છે કે એને કંપનીમાંથી કાઢવાને બદલે એક મોકો ફરી આપવો જોઈએ." આ વાતથી જ્ઞાત થયેલ પેલી વ્યક્તિએ કંપનીને એ વર્ષે બમણો નફો કરાવી આપ્યો.

ભગવાન સ્વામીનારાયણ વચનામૃતમાં કહે છે કે 'જો મોટેરાને મન દઈને માણસાઈ રાખીને સાચવતા આવડતું હોય તો અધીનસ્થ વ્યક્તિ તેની પાસે રાજીપે રહે.' હા, તે માટે મોટું મન રાખવું પડે, જતું કરતા શીખવું પડે. આપણે પણ હવે આ દિશામાં વિચારવા જેવું નથી લાગતું?